Volume : 10
Issue : 323
Dt.: 27-03-2025
THURSDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ આક્ષેપ કર્યો

# લોકસભામાં મને બોલવા દેવામાં નથી આવતો : રાહુલ ગાંધી

## કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભાના સ્પીકર ઓમ બિરલા પર સંસદમાં બોલવાની તક ન આપવાનો આરોપ લગાવ્યો

**(SSS) નવી દિલ્હી**

કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલા પર સંસદમાં બોલવાની તક ન આપવાનો આરોપ લગાવ્યો હતો. લોકસભામાં વિરોધ પક્ષના નેતા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે કાર્યવાહી અલોકતાંત્રિક રીતે હાથ ધરવામાં આવી રહી હતી અને દાવો કર્યો હતો કે મુખ્ય મુદ્દાઓ ઉઠાવવાની તેમની વારંવારની વિનંતીઓને અવગણવામાં આવી હતી. તેમનું કહેવું છે કે લોકશાહીમાં સરકાર અને વિપક્ષ માટે જગ્યા છે, પરંતુ આ ગૃહમાં વિપક્ષ માટે કોઈ સ્થાન નથી. રાહુલ ગાંધીએ કહ્યું, 'એક સંમેલન છે કે વિપક્ષના નેતાને બોલવાની છૂટ છે. જ્યારે પણ હું ઉભો હોઉં છું ત્યારે મને બોલવાની છૂટ નથી હોતી. અહીં, આપણે જે કહેવા માંગીએ છીએ તે કહેવાની છૂટ નથી. મેં કંઈ કર્યું નથી, હું એકદમ શાંતિથી બેઠો હતો. લોકશાહીમાં સરકાર અને વિપક્ષ માટે જગ્યા છે, પરંતુ અહીં વિપક્ષ માટે કોઈ સ્થાન નથી. અહીં સરકાર માટે જ જગ્યા છે. તે દિવસે વડા પ્રધાન મોદીએ કુંભ મેળા વિશે વાત કરી હતી, જેમાં હું મારો મુદ્દો ઉમેરવા માંગતો હતો. હું બેરોજગારી વિશે કંઈક કહેવા માંગતો હતો, પરંતુ મને બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી. દરમિયાન, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું, 'સંસદની પરંપરાઓ શીખવે છે કે ગૃહ એટલું જ વિપક્ષનું છે જેટલું તે સત્તાધારી પક્ષનું છે. જ્યારે પણ વિપક્ષી નેતાઓ ગૃહમાં આવે છે અને તેમનો દૃષ્ટિકોણ રજૂ કરવા માગે છે ત્યારે તેમને નિયમો બતાવીને લોકોના પ્રશ્નો ઉઠાવવાના તેમના અધિકારથી વંચિત રાખવામાં આવે



છે. જો કોઈ સરકારના મંત્રી, બીજેપીના સાંસદ ખાલી ઊભા થાય છે, તો તેમનું માઈક ચાલુ થઈ જાય છે અને તેમને બોલવાની તક મળે છે. તેમણે કહ્યું, 'જ્યારે અમે દિલ્હી હાઈકોર્ટના જજ સામે સ્થગિત પ્રસ્તાવ લાવ્યા ત્યારે અમારો પ્રસ્તાવ ફગાવી દેવામાં આવ્યો, પરંતુ કર્ણાટકના સંદર્ભમાં ખોટા આરોપો લગાવનારા સંસદીય કાર્ય મંત્રીને તક આપવામાં આવી. વિપક્ષના નેતાને બોલવાની તક આપવામાં આવતી નથી. આના વિરોધમાં અમે બધા સ્પીકરને મળ્યા અને આ મુદ્દો ઉઠાવ્યો. આપણે જોઈ રહ્યા છીએ કે સરકાર સંસદમાં એવું વાતાવરણ ઊભું કરી રહી છે જેમાં વિપક્ષના નેતા, વિપક્ષની છબી અને સંસદીય પરંપરાને બગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. રાહુલ ગાંધીના નિવેદન પર ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યું, 'રાહુલ ગાંધી બિલકુલ સાચા છે. રાહુલ ગાંધી આપણા વિપક્ષના નેતા છે, તે આપણા બધાના નેતા છે. પહેલા પણ એવું બન્યું છે કે તેમને બોલવા દેવાયા ન હતા અને આજે પણ એવું જ થયું છે. આ ખૂબ જ નિંદનીય બાબત છે. હું સ્પીકરને ખૂબ માન આપું છું પણ મને ખબર નથી કે તેમના પર શું દબાણ છે? વિપક્ષમાં ઘણા શક્તિશાળી નેતાઓ છે. દરમિયાન, લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, 'તમારી પાસે ગૃહની સજાવટ અને શિષ્ટાચારના ઉચ્ચ ધોરણો જાળવવાની અપેક્ષા છે. મારી જાણકારી મુજબ, આવા ઘણા કિસ્સાઓ છે જ્યારે સાંસદોનું વર્તન ગૃહની સજાવટ અને પરંપરાઓના ઉચ્ચ ધોરણોને અનુરૂપ ન હતું. પિતા, પુત્રી, માતા, પત્ની અને પતિ આ ગૃહના સભ્ય રહ્યા છે. તેથી, આ સંદર્ભમાં હું વિપક્ષના નેતા પાસે નિયમો મુજબ વર્તવાની અપેક્ષા રાખું છું. વિપક્ષના નેતા ખાસ કરીને તેમનું વર્તન જાળવી રાખે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

---

### ત્રણ કર્મચારીના સ્થળ પર મૃત્યુ થયા

# હરિયાણા સિરસામાં ગુજરાત પોલીસની ગાડીને અકસ્માત નડ્યો

## સિરસામાં ભારત માલા ફોરેલન પર સવારે ગુજરાત પોલીસની ગાડી રસ્તા પર ઊભેલા એક વાહન સાથે ટકરાઈ

**(SSS) સિરસા,**

સિરસામાં ભારત માલા ફોરેલન પર બુધવાર સવારે ગુજરાત પોલીસની ગાડી રસ્તા પર ઊભેલા એક વાહન સાથે ટકરાઈ ગઈ. આ દુર્ઘટનામાં ગુજરાત પોલીસના ત્રણ કર્મચારીઓના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા છે. જ્યારે અન્ય એકની હાલત ગંભીર છે.

માહિતી મળતાની સાથે જ **NHAI** ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બધાને સિવિલ હોસ્પિટલ લઈ ગઈ. ઘાયલોની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમને ભટિંડા રિફર કરવામાં આવ્યા છે. દરમિયાન, ડબવાલી પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને ગુજરાત પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો છે. ડબવાલી પોલીસના જણાવ્યા અનુસાર, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં મૃતકોની ઓળખ પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત, હોમગાર્ડ રવિન્દ્ર અને ખાનગી ડ્રાઈવર કનુભાઈ ભરવાડ તરીકે થઈ હોવાની હાલ પ્રાથમિક માહિતી મળી રહી છે. અત્યાર સુધીની તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે તે બધા અમદાવાદ શહેર પોલીસના છે. હવે તે ક્યાં જતા હતા? પોલીસને આ અંગે કોઈ માહિતી મળી નથી. અમદાવાદની રામોલ પોલીસ ગુજરાતથી કેસની તપાસ માટે પંજાબ જઈ રહી હતી, આ દરમ્યાન રસ્તામાં ગુજરાત પોલીસની કાર રોડની સાઈડમાં ઊભા ટ્રેઈલરની પાછળ ઘૂસી જતાં ત્રણ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. મૃતકોની ઓળખ પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત, હોમગાર્ડ રવિન્દ્ર અને ખાનગી ડ્રાઈવર કનુભાઈ ભરવાડ તરીકે થઈ હોવાની હાલ પ્રાથમિક માહિતી મળી રહી છે. આ અકસ્માતમાં રામોલ પોલીસ મથકના પી.એસ.આઈ. જે પી સોલંકીને પણ ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતના પગલે પોલીસબેડામાં શોકનો માહોલ છે.

---

### હવે દેશના નાણાં મંત્રી પર કર્યો કટાક્ષ

# પોલીસનું તેડું, પણ કુણાલ કામરા ટસનો મસ ન થયો

## તેને પૂછપરછ માટે સવારે ૧૧ વાગ્યે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો : કુણાલ ટસનો મસ થઈ રહ્યો નથી

**(SSS) મુંબઈ**

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર કોમેડિયન કુણાલ કામરાની ટિપ્પણી પર હોબાળો સતત વધી રહ્યો છે. ખાર પોલીસે કુણાલને નોટિસ મોકલી સમન્સ પાઠવ્યા હતા. તેને પૂછપરછ માટે આજે સવારે ૧૧ વાગ્યે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. જો કે, કુણાલ ટસનો મસ થઈ રહ્યો નથી. તેણે નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પર વધુ એક પેરોડી બનાવી દીધી છે. મુંબઈ પોલીસે જણાવ્યું કે, કુણાલ કામરાને સમન્સ મોકલવામાં આવ્યા છે. પરંતુ તે હાલ મુંબઈમાં ન હોવાથી પૂછપરછ થઈ શકી નથી. તેની વિરુદ્ધ **MIDC** પોલીસે એફઆઈઆર નોંધી વધુ તપાસ માટે કેસ ખાર પોલીસને સોંપ્યો છે. કુણાલે શિંદે પર એક પછી એક બે પેરોડી બનાવ્યા બાદ હવે દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પર કટાક્ષ કરતાં ગીત બનાવ્યું છે. જેમાં નિર્મલાને નિર્મલા તાઈ કહીને સંબોધતાં નીતિઓ પર સવાલો ઉઠાવ્યા છે. કામરાએ ગાયું કે, આપકા ટેક્સ કા પૈસા હો રહા હે હવા હવાઈ, ઈન સડકો કી બરબાદી કરને સરકાર હૈ આઈ. મેટ્રો હે ઈનકે મન મેં



ખોદ કર કર લે અંગડાઈ, ટ્રાફિક બઢાને યે આઈ, બિઝનેસ ગિરાને યે આઈ, કહેતે હે ઈસકો તાનાશાહી. દેશ મેં ઈતની મહંગાઈ સરકાર કે સાથ હે આઈ, લોગો કી લૂંટને કમાઈ સાડી વાલી દીદી આઈ, સેલરી ચૂરાને યે હૈ આઈ. મીડલ કલાસ દબાને યે હેહીઆઈ, પોપકોર્ન ખિલાને યે હે આઈ, કહેતે હે ઈસકો નિર્મલા તાઈ. કામરાએ અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સવાલ ઉઠાવતા મીડિયાને પણ આડે હાથ લીધું. તેણે કહ્યું કે, મીડિયાએ યાદ રાખવું જોઈએ કે ભારતમાં પ્રેસની આઝાદી ૧૫૯મા સ્થાન પર છે. હું ન તો આ ભીડથી ગભરાતો કે ન તો તેનાથી છુપાવા હું બેડની નીચે છુપાઈને આ વિવાદના અંતની રાહ જોઈશ. કામરાએ કાયદાના સમાન ઉપયોગ પર સવાલ ઉઠાવતાં કહ્યું કે, હું પોલીસ અને કોર્ટ સાથે સહયોગ કરીશ, પરંતુ શું કાયદો એ લોકો વિરુદ્ધ પણ નિષ્પક્ષ અને સમાન રૂપે લાગુ થશે, જેમણે એક મશ્કરીથી નારાજ થઈને તોડફોડને યોગ્ય ઠેરવી? અને બીએમસીના તે બિનચૂંટાયેલા સભ્યો સામે, જેઓ આજે કોઈપણ નોટિસ વિના હેબિટેટમાં પહોંચ્યા અને હથોડાથી એ સ્થાનને તોડી નાખ્યું? પોતાની હાજરજવાબી શૈલી અને કોમેડીથી લોકોને હસાવનાર કુણાલ કામરાએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને યુટ્યુબ ચેનલ પર મહારાષ્ટ્રના રાજકારણ અંગે એક વીડિયો અપલોડ કર્યો હતો જેમાં તેણે નામ લીધા વિના જ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર દિલ તો પાગલ હે ગીતની પૅરોડી કરીને રજૂ કરી હતી. જેમાં શિંદેને ગદ્દાર કહીને સંબોધ્યા હતા. જેના કારણે વિવાદ સર્જાયો હતો.

---

### સહયોગીઓના ઘરે ED ત્રાટકી

# કોંગ્રેસી અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલના ઘરે CBIના દરોડા

**(SSS) નવી દિલ્હી**

વહેલી સવારે એક મોટી કાર્યવાહી હાથ ધરતાં સીબીઆઈ ટીમે છત્તીસગઢની રાજધાની રાયપુર અને ભિલાઈમાં દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના નિવાસસ્થાન અને IPS અધિકારી આરિફ શેખના ઘરે દરોડા પાડવાનું શરૂ કર્યું છે. અહેવાલો અનુસાર, સીબીઆઈ વિનોદ વર્માના ઘરે પણ દરોડા પાડવામાં આવી શકે છે. સીબીઆઈના અધિકારીઓ વહેલી સવારે ભિલાઈ અને રાયપુરના નિવાસસ્થાનો પર પહોંચ્યા હતા. અગાઉ, EDની ટીમે પણ આ જ સમયે દરોડા પાડ્યા હતા.સીડી કૌભાંડ કેસમાં સીબીઆઈએ સમીક્ષા અરજી દાખલ કરી હતી. અગાઉ, કોર્ટે સીડી કૌભાંડ કેસમાં ભૂપેશ બઘેલને નિર્દોષ જાહેર કર્યા હતા. સમીક્ષા અરજી પર સુનાવણી 4 એપ્રિલે થવાની છે. સુનાવણી પહેલા સીબીઆઈના અધિકારીઓ પૂર્વ સીએમ ભૂપેશ બઘેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

---

### કહ્યું- નાગપુરના કાયદા નહીં ચાલે

# વક્ફ સંશોધન બિલના વિરોધમાં લાલુ-તેજસ્વી યાદવના ધરણાં

**(SSS) પટણા**

પટનામાં વક્ફ સંશોધન બિલ વિરુદ્ધ મુસ્લિમ સંગઠનોનું પ્રદર્શન ચાલું છે. મુસ્લિમ સંગઠનના લોકો ગર્દનીબાગ ધરણાસ્થળ પર પ્રદર્શન કરી રહ્યા છે. હવે તેમને રાષ્ટ્રીય જનતા દળે પોતાનું સમર્થન આપ્યું છે. આ પ્રદર્શનમાં રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને વિપક્ષ નેતા તેજસ્વી યાદવ પણ પહોંચ્યા અને મુસ્લિમ સંગઠનના નેતાઓના ધરણાં પર જઈને બેસી ગયા. બીજી તરફ તેજસ્વી યાદવે મુસ્લિમ સંગઠનના લોકોને સંબોધિત કરતાં કહ્યું કે, આપણા નેતા લાલુ પ્રસાદ યાદવ તમારી સાથે ઊભા રહેવા માટે ધરણાં સ્થળ પર આવ્યા છે. ભલે અમારી પાર્ટી સત્તામાં હોય કે ન હોય પરંતુ અમે આ બિલના વિરોધમાં રહીશું. વિપક્ષો વિધાનસભા અને વિધાન પરિષદમાં વક્ફ સંશોધન બિલનો વિરોધ કર્યો છે. અમે આ બિલને ગેરબંધારણીય અને અલોકતાંત્રિક માનીએ છીએ. કેટલાક લોકો દેશને તોડવાનું કાવતરું ઘડી રહ્યા છે, અને અમારી પાર્ટી આ કાયદાને રોકવા માટે શક્ય તમામ પ્રયાસો કરશે. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે એમ પણ કહ્યું કે, અમે આજે ગૃહમાં કાર્ય સ્થગિત પ્રસ્તાવ લાવીને આ બિલ પર ચર્ચાની માગ કરી હતી, પરંતુ ગૃહને સ્થગિત કરી દીધું. અમે કોઈ પણ સંજોગોમાં નાગપુરના કાયદાને લાગુ નહીં થવા દઈએ. આ બિલના વિરોધમાં રાષ્ટ્રીય જનતા દળ મુસ્લિમ સંગઠનોની સાથે મજબૂતીથી ઊભું છે અને જો તમે એક પગલું ભરશો તો આરજેડીના લોકો ચાર પગલાં આગળ વધશે.

---

### USCIRF પોતે જ ચિંતાનો વિષય

# ભારતે ફગાવ્યો લઘુમતીઓ સાથે ભેદભાવનો અહેવાલ

**(SSS) નવી દિલ્હી**

અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગે ભારતમાં લઘુમતીઓ સાથે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. જે બાદ ભારત સરકારે આ અહેવાલ ફગાવ્યો છે. ભારતે **USCIRF**ને કડક શબ્દોમાં જવાબ આપતાં કહ્યું છે કે, આ સંસ્થા પોતે ચિંતાનો વિષય છે. નોંધનીય છે કે **USCIRF**એ તો ભારતની ગુપ્તચર એજન્સી **RAW** પર પ્રતિબંધની પણ માંગ કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપતાં કહ્યું છે, કે લોકશાહી અને સહિષ્ણુતાના પ્રતિક એવા ભારતની છબીને નબળી કરવાના પ્રયાસ સફળ નહીં થાય. **USCIRF** દ્વારા અલગ અલગ ઘટનાઓને ખોટી રીતે પ્રસ્તુત કરવામાં આવે છે તથા ભારતના બહુસાંસ્કૃતિક સમાજ પર શંકા વ્યક્ત કરવાના પ્રયાસ કરાય છે, જે જાણી જોઈને કરાતો એજન્ડા દર્શાવે છે. **USCIRF**ના ૨૦૨૫ના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં સતત લઘુમતીઓ પર હુમલા અને ભેદભાવ વધી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા મુસ્લિમો વિરુદ્ધ ઘૃણાસ્પદ નિવેદનબાજી કરવામાં આવે છે. આટલું જ નહીં આ સંસ્થાએ દાવો કર્યો છે કે **RAW**એ ખાલિસ્તાનીઓની હત્યા કરાવી છે.

---

### ભારે પોલીસ દળ તહેનાત

# હઝારીબાગમાં મોટી બબાલ, ધાર્મિક જૂલુસ પર પથ્થરમારો

## પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે હવામાં ફાયરિંગ કર્યું

**(SSS) હઝારીબાગ**

ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં હિંસાનો મામલો સામે આવ્યો છે. અહીં ધાર્મિક જૂલુસ દરમિયાન કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના કારણે વિસ્તારમાં તણાવ સર્જાયો હતો. આ ઘટના અંગે માહિતી આપતાં સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી પરમેશ્વર કામતીએ જણાવ્યું કે, આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૧૧:૦૦ વાગ્યે જામા મસ્જિદ ચોક પાસે બની હતી, જ્યારે રામ નવમી ઉત્સવ હેઠળ મંગળા જૂલુસ નીકાળવામાં આવી રહ્યું હતું. બંને બાજુથી પથ્થરમારો થયો હતો. લોકોનું કહેવું છે કે જૂલુસ દરમિયાન સાંપ્રદાયિક ગીતો વગાડવાને લઈને વિવાદ થયો હતો. બીજી તરફ આ ઘટના અંગે માહિતી આપતાં અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે હવામાં ફાયરિંગ કર્યું હતું. પોલીસે દાવો કર્યો કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને સ્થળ પર સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, પથ્થરમારા પાછળનું સાચું કારણ હજુ સુધી સામે નથી આવ્યું. આ ઘટનામાં સંડોવાયેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં તેમને પકડી લેવામાં આવશે. આ ઘટનાની માહિતી આપતાં સ્થાનિક લોકોએ સત્ય જણાવ્યું છે. સ્થાનિકોએ જણાવ્યું કે, જૂલુસ દરમિયાન ડીજે પર સાંપ્રદાયિક ગીતો વગાડવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન જ વિવાદ થયો અને પથ્થરમારો શરૂ થઈ ગયો. એક પક્ષ તરફથી પથ્થરમારો શરૂ થયા બાદ બીજા પક્ષના લોકોએ પણ પથ્થરમારો શરૂ કરી દીધો. આ પથ્થરમારામાં કેટલાક લોકો ઘાયલ થયા છે. જોકે, પોલીસનું કહેવું છે કે આ ઘટના બાદ સ્થિતિ નિયંત્રણમાં છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ અધિક્ષક અરવિંદ કુમાર સિંહને પણ ઘટનાસ્થળે આવવું પડ્યું હતું. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે હવામાં ફાયરિંગ કરવું પડ્યું હતું અને ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા. ઘણી દુકાનોમાં તોડફોડ પણ કરવામાં આવી હતી. જોકે, હવે પરિસ્થિતિ સામાન્ય હોવાનું કહેવાય છે. પરંતુ પોલીસ હજુ પણ હાજર છે. ઘટના દરમિયાન સતત પથ્થરમારો થઈ રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પહેલા શાંતિ-વ્યવસ્થા સ્થાપિત કરી અને લોકોને સમજાવ્યા બાદ તેમને ઘરે મોકલી દીધા. કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિનો સામનો કરવા માટે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. પોલીસનું કહેવું છે કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ ગઈ છે.

---

### રાણા સાંગાને ગદ્દાર કહેતા ગુસ્સે ભરાયા, કરી તોડફોડ

# સમાજવાદી પાર્ટીના સાંસદના ઘરે કરણી સેનાનો હુમલો

## કરણી સેનાના કાર્યકરોએ રાણા સાંગાને દેશદ્રોહી કહેનારા રામજી લાલ સુમનના આગરાના ઘર પર હુમલો કર્યો

**(SSS) લખનૌ,**

કરણી સેનાના કાર્યકરોએ રાણા સાંગાને દેશદ્રોહી કહેનારા સપા સાંસદ રામજી લાલ સુમનના આગરાના ઘર પર હુમલો કર્યો છે. કરણી સેનાના લોકોએ સાંસદના ઘર પર પથ્થરમારો કર્યો છે અને બેરિકેડ તોડી નાખ્યા છે. આ દરમિયાન કાર્યકર્તાઓએ વાહનોમાં તોડફોડ પણ કરી હતી. વીડિયોમાં લોકો કારના કાચ તોડતા જોવા મળે છે. કરણી સેનાના લોકોએ ઘરમાં રાખેલી ખુરશીઓ પણ તોડી નાખી છે.

જે સમયે આ હંગામો થયો તે સમયે પોલીસ પણ સ્થળ પર હાજર હતી. પોલીસ અને કરણી સેનાના પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું પરંતુ પોલીસ તેમને કાબૂમાં લઈ શકી ન હતી. કરણી સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં હતા, તેથી તેઓએ ભારે તોડફોડ કરી અને હંગામો મચાવ્યો. સમાજવાદી પાર્ટી (SP) ના સાંસદ રામજી લાલ સુમને ૨૧ માર્ચે મેવાડના શાસક રાણા સાંગા પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. રામજી લાલ સુમને રાણા સાંગાને 'દેશદ્રોહી' કહ્યા હતા. ત્યારથી રામજી લાલ સુમનનો વિરોધ થઈ રહ્યો છે. રામજી લાલ સુમનના નિવેદન સામે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત સહિત ઘણા નેતાઓ અને સંગઠનોએ સખત વાંધો ઉઠાવ્યો હતો. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પણ કરણી સેનાના સભ્યોએ સપા રાજ્ય કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. આ સાથે કરણી સેનાએ રામજી લાલ સુમન સામે ઈનામની પણ જાહેરાત કરી હતી. કરણી સેનાએ જાહેરાત કરી હતી કે સાંસદ રામજી લાલ સુમનનો ચહેરો કાળો કરનાર અને તેમને જૂતા મારનાર વ્યક્તિને ૫ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. રાજયસભામાં આપેલા પોતાના નિવેદનમાં સાંસદ રામજી લાલ સુમને કહ્યું હતું કે, 'બાબર રાણા સાંગાના આમંત્રણ પર ભારત આવ્યા હતા.' આ એક ઐતિહાસિક હકીકત છે. મારો કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો. દર વખતે એવું કહેવામાં આવે છે કે બાબર ભારતીય મુસ્લિમોના ડીએનએમાં છે. ભારતના મુસ્લિમો મુહમ્મદ સાહેબ (પયગંબર મુહમ્મદ) ને પોતાનો આદર્શ માને છે અને સૂફી પરંપરાનું પાલન કરે છે. મારો કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો કોઈ ઈરાદો નથી.. આ દરમિયાન કાર્યકર્તાઓએ વાહનોમાં તોડફોડ પણ કરી હતી. વીડિયોમાં લોકો કારના કાચ તોડતા જોવા મળે છે. કરણી સેનાના લોકોએ ઘરમાં રાખેલી ખુરશીઓ પણ તોડી નાખી છે.

## તંત્રી લેખ

### MSME, કૃષિ, અફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે લોનને મળશે વેગ

રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ-પીએસએલ)ના નિયમોમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. નવો નિયમ એક એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે. આ ગાઈડલાઈન્સ વર્તમાન જોગવાઈઓની વ્યાપક સમીક્ષા અને સંબંધિત સ્ટેકહોલ્ડર્સ પાસેથી પ્રાપ્ત પ્રતિક્રિયાઓના આધારે તૈયાર કરવામાં આવી છે. આ ફેરફારથી એમએસએમઈ, કૃષિ, રિન્યુએબલ એનર્જી, અફોર્ડેબલ હાઉસ અને નબળા વર્ગને આપવામાં આવતી લોનને વેગ મળશે. RBIએ સુધારેલી માર્ગદર્શિકામાં હાઉસિંગ લોનની મર્યાદા અને મકાન કિંમતમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. જ્યાં પહેલા બે કેટેગરી હતી, હવે RBIએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (PSL) હેઠળ હાઉસિંગ લોન માટે ત્રણ કેટેગરી નક્કી કરી છે. આ પગલું વિવિધ આવક જૂથોમાં, ખાસ કરીને ટિઅર-IV/V/VI શહેરોમાં ઓછી કિંમતના/અફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપશે. આરબીઆઈએ હવે જૂના કે જર્જરિત મકાનોના સમારકામ માટે ઉપલબ્ધ લોનની મર્યાદા વધારી છે. આ પગલું બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ માટે સલામત અને વિશિષ્ટ ક્ષેત્રમાં લોનનું વિતરણ કરવાની નવી તકો ખોલે છે. વધુમાં, તે ઘરમાલિકોના નાણાંકીય તણાવમાં પણ ઘટાડો કરશે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે લોન મર્યાદા રૂ. ૩૦ કરોડથી વધારી રૂ. ૩૫ કરોડ કરવામાં આવી છે. લોન મર્યાદા પહેલાંની જેમ જ રૂ. ૧૦ લાખની રહેશે. આ પગલાંથી ભારતને ૨૦૩૦ સુધીમાં તેના ૫૦૦ ઁઉ નોન-ફોસિલ ફ્યુલ અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંકને પહોંચી વળવામાં મદદ મળશે. ૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ, આરબીઆઈએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનો વ્યાપ વિસ્તાર્યો હતો. લોનધારકો માટે રૂ. ૧૫ કરોડ સુધીની લોન મંજૂર કરવામાં આવી છે. જેમાં સૌર ઉર્જા જનરેટર, બાયોમાસ આધારિત જનરેટર, માઈક્રો-હાઈડ્રલ પ્લાન્ટ્સ અને બિન-પરંપરાગત ઉર્જા (NCE) આધારિત સ્ટ્રીટ લાઈટ પબ્લિક લાઈટ રીલેક્શન જેવા કામો સંકળાયેલા છે. RBI દ્વારા પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (PSL) માર્ગદર્શિકામાં કરાયેલા ફેરફારો અનુસાર કારીગરો અને મહિલા લાભાર્થીઓ માટે લોનની મર્યાદા રૂ. ૧ લાખથી વધારી રૂ. ૨ લાખ કરવામાં આવી છે. વધુમાં, ટ્રાન્સજેન્ડર અને જોઈન્ટ લાયબિલિટી ગ્રુપ (JLG) સભ્યોને પણ હવે PSL માટેની પાત્રતામાં સામેલ કરવામાં આવ્યા છે.

રૂપિયા મળ્યા ત્યાં તપાસ કરી

# જજ વર્માના ઘરે સુપ્રીમ કોર્ટની કમિટી પહોંચી

### પંજાબ-હરિયાણા તેમજ હિમાચલ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ, કર્ણાટકના ન્યાયાધીશ જજ વર્માના ઘરે ૩૫ મિનિટ રોકાયા

**(SSS)** નવી દિલ્હી, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના ઘરેથી કરોડો રૂપિયા મળ્યા બાદ સુપ્રીમ કોર્ટની આંતરિક તપાસ કમિટીએ તપાસ શરૂ કરી દીધી છે. કમિટીમાં સામેલ બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને એક હાઈકોર્ટના ન્યાયાધીશે વર્માના ઘરની મુલાકાત લીધી હતી. આશરે ૩૦થી ૩૫ મિનિટ સુધી તેઓ વર્માના ઘરમાં રહ્યા હતા. કમિટીની તપાસનો રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોંપવામાં આવશે જેના આધારે બાદમાં ન્યાયાધીશ વર્માનું ભાવી નક્કી થશે. કમિટીએ એ સ્થળની પણ મુલાકાત લીધી હતી કે જ્યાંથી રૂપિયા મળી આવ્યા હતા. ૧૪મી માર્ચના રોજ ન્યાયાધીશ વર્માના ઘરે આગ લાગી હતી જેને ઠારવા ગયેલી ફાયર બ્રિગેડની ટીમને વર્માના સ્ટોરરૂમમાં સળગી રહેલી નોટો જોવા મળી હતી, જેનો વીડિયો ઉતારવામાં આવ્યો હતો, આ વીડિયો બાદમાં દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ થકી સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે સમગ્ર મામલે તપાસ કમિટીની રચના કરી છે. આ કમિટીમાં સામેલ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શીલ નેગુ, હિમાચલ પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ જી એસ સાંધાવાલિયા, કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ અનુ સિવરમણ ન્યાયાધીશ વર્માના દિલ્હી સ્થિત સરકારી આવાસે પહોંચ્યા હતા કે જ્યાં આ રૂપિયા મળી આવ્યા છે.

આ સમયે જજ વર્મા ઘરે હતા કે કેમ તેને લઈને કોઈ અહેવાલો સામે નથી આવ્યા. સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશ વર્માની દિલ્હી હાઈકોર્ટથી અલ્લાહાબાદ હાઈકોર્ટમાં બદલી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે, વર્માની આ બદલીનો વિરોધ કરવા માટે અલ્લાહાબાદ હાઈકોર્ટ બાર અસોસિએશન દ્વારા મંગળવારથી વિરોધ શરૂ કરી દીધો છે અને અનિશ્ચિત સમયની હડતાળ પર ઉતરી ગયા છે. હડતાળની આગેવાની લઈ રહેતા બાર અસોસિએશનના પ્રમુખ અનિલ તિવારીએ કહ્યું હતું કે આ પ્રદર્શન કોઈ જજ કે કોર્ટ સામે નથી પરંતુ ન્યાય વ્યવસ્થા સાથે વિશ્વાસઘાત કરનારા સામે છે. અમારી લડાઈ ભ્રષ્ટાચારીઓ અને સિસ્ટમ સામે છે જેમાં પારદર્શિતાનો અભાવ છે. હાલમાં અમારી માગણી ટ્રાન્સફર ઓર્ડર પરત લેવાની છે. શરૂઆતથી જ સમગ્ર મામલાને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, સમગ્ર દેશના વકીલો આ લડાઈ લડી રહ્યા છે. જ્યાંસુધી ઠરાવ ના પહોંચે ત્યાંસુધી અમે કામ શરૂ નહીં કરીએ.

બીજી તરફ ન્યાયાધીશ વર્માના ઘરેથી રોકડ રકમ મળી આવવા મામલે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે બેઠક બોલાવી હતી, જેમાં ભાજપ અને વિપક્ષના સાંસદો જોડાયા હતા. આ બેઠકમાં ન્યાયપાલિકાની જવાબદેહી અંગે નિર્ણય લેવા ચર્ચા થઈ હતી, જોકે કોઈ નિરાકરણ નહોતુ આવ્યું. ટીએમસીના સાંસદોએ માગ કરી છે કે આ મામલે સંસદના ગૃહમાં ચર્ચા થવી જોઈએ, અમે આ માટે નોટિસ પણ આપી છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ પ્રિયંકા ચતૂર્વેદીએ કહ્યું હતું કે આજની બેઠકમાં કોઈ નિવેડો નથી આવ્યો, આગામી સપ્તાહે કદાચ આ મુદ્દે ચર્ચા થઈ શકે છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે આપી જાણકારી

# વોટ્સએપ મેસેજથી ક્રિપ્ટોકરન્સી, ગૂગલ મેપ્સથી રોકડ રકમ ઝડપાઈ

### વોટ્સએપ ચેટ પરથી રૂ. ૨૦૦ કરોડની ગેરરીતિ ઝડપાઈ



**(SSS)** નવી દિલ્હી કેન્દ્ર સરકારે ડિજિટલ અસ્કયામતોને ટ્રેક કરવા માટે નવા ઈક્મટેક્સ બિલ હેઠળ નવી કાનૂની જોગવાઈઓ લાગુ કરવાની દરખાસ્ત મૂકી છે. હાલના ઈન્કમટેક્સ એક્ટમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની તપાસ કરવા માટે પૂરતા કાયદા અને નિયમોનો અભાવ હોવાથી સરકાર આ મુદ્દે કાયદામાં સુધારો લાવવા માંગે છે. અલબત્ત, આમ કરવાથી જનતાની પ્રાઈવસી જોખમમાં મૂકાઈ જશે. વોટ્સએપ સહિતની લોકોની એક પણ 'ચેટ' ખાનગી નહીં રહે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવાર, ૨૫ માર્ચના રોજ લોકસભામાં જણાવ્યું હતુ કે, 'ડિજિટલ અસ્કયામતોની તપાસ કરવા માટે (પૂરતું અને ઝડપી) કાયદાકીય સમર્થન મળતું નથી, તેથી અમે નવા ઈક્મટેક્સ એક્ટમાં તેનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.' બિનહિસાબી સંપત્તિનો પત્તો લગાવવા માટે 'ડિજિટલ ફોરેન્સિક ની ભૂમિકા પર ભાર મૂકતાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે દાવો કર્યો હતો કે, 'વોટ્સએપના એક્રિપ્ટેડ સંદેશા ટ્રેક કરીને રૂ. ૨૦૦ કરોડના બિનહિસાબી નાણાંના વ્યવહાર પકડી પાડવામાં આવ્યા છે. અધિકારીઓએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની તપાસ કરીને બિનહિસાબી નાણાં કોના છે એ અને ગૂગલ મેપ હિસ્ટ્રીના આધારે નાણાં ક્યાં છુપાવાયા હતા એ શોધી કાઢ્યું છે.' અત્યાર સુધી એવું થતું હતું કે, આઈટી અધિકારીઓને કોઈ વ્યક્તિના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોની તપાસ દરમિયાન તેના ડિજિટલ ડેટા એક્સેસ કરવાની જરૂરિયાત ઊભી થાય તો એ માટે અલગથી મંજૂરી લેવી પડતી. એમાં સમયનો વ્યય થાય અને શંકાસ્પદ વ્યક્તિએ સમયગાળાનો દુરુપયોગ કરે એવું બનતું. જો કે, નવી જોગવાઈ લાગુ થશે તો અધિકારીઓએ ઉપર કહી એવી મંજૂરી લેવા દસ્તાવેજોની કડાકૂટમાં નહીં પડવું પડે, સમયનો વ્યય નહીં થાય. અધિકારીઓ સીધેસીધું એક્રિપ્ટેડ કોમ્યુનિકેશન્સ, ડિજિટલ એસેટ એક્સચેન્જ અને ક્લાઉડ સ્ટોરેજની તપાસ કરી શકશે, જેને લીધે ડિજિટલ ચેનલોના માધ્યમે થતી કરચોરી સામે ઝડપથી પગલાં લઈ શકાશે. કાયદામાં નવી જોગવાઈના અમલીકરણને લીધે ક્રિપ્ટોકરન્સી સહિત કોઈપણ વર્ચ્યુઅલ અસ્કયામતો અધિકારીઓની ચકાસણીમાંથી છટકી નહીં શકે. ટેક્સ ચોરો સામેની કાયદાકીય કાર્યવાહી ઝડપી અને સરળ બનશે. બીજો એક મહત્ત્વનો ફેરફાર મિલકતના જોડાણ બાબતે થશે. અત્યાર સુધી ટેક્સ અધિકારીઓએ સંપત્તિ જપ્ત કરતાં પહેલાં એક અલગ નોટિસ જારી કરવી પડતી હતી. હવે, તેઓ કોઈ પૂર્વ સૂચના વિના નાણાકીય ગરબડોની તપાસ વખતે તરત જ મિલકતને જોડી શકશે. આ જોડાણ છ મહિના સુધી લાગુ રહેશે, જેથી એ સમયગાળા દરમિયાન માલિક એ સંપત્તિને વેચી કે સ્થાનાંતરિત નહીં કરી શકે. ટેક્સ કાયદામાં મુકાયેલી સુધારાની દરખાસ્ત સ્વીકારાશે તો સત્તાવાળાઓને કોઈપણ વ્યક્તિના વોટ્સએપ, ઈમેઈલ, ક્લાઉડ સ્ટોરેજ, ટેલિગ્રામ જેવા કોમ્યુનિકેશન પ્લેટફોર્મને એક્સેસ કરવાની સત્તા મળી જશે, જે વ્યક્તિની પ્રાઈવસી પર સીધેસીધી તરાપ હશે. મારી, તમારી, કોઈની પણ ખાનગી વાત ખાનગી નહીં રહે. કાયદાકીય તપાસને બહાને આ જોગવાઈનો દુરુપયોગ થાય, એવું પણ બની શકે. ઉપરોક્ત 'ઈક્મટેક્સ બિલ, ૨૦૨૫' હાલમાં સંસદીય સમિતિની સમીક્ષા હેઠળ છે. સમિતિ કાયદાને અંતિમ સ્વરૂપ આપતાં પહેલાં હિતધારકોની સલાહ લેશે. છ દાયકા જૂના 'ઈક્મ ટેક્સ એક્ટ, ૧૯૬૧'માં સુધારા કરવાનો હેતુ દેશના કર માળખાને આધુનિક બનાવવાનો અને ડિજિટલ નાણાકીય વ્યવહારોમાં થતી ગરબડને પ્રકાશમાં લાવવાનો છે.

બંધારણ મુદ્દે વિવાદ પર ડી.કે.શિવકુમારે કહ્યું

# ભાજપને સત્ય હજમ નથી થતું, દાવો સાચો હોય તો હું રાજીનામું આપીશ

### આ આરોપોમાં એવું કહેવામાં આવ્યું હતું કે, ડીકે શિવકુમારે રાજ્યમાં મુસ્લિમો માટે ચાર ટકા અનામત આપવા માટે બંધારણમાં સુધારો કરવાની પ્રતિજ્ઞા લીધી છે



**(SSS)** બેંગલુરુ કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે ભાજપ દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે. આ આરોપોમાં એવું કહેવામાં આવ્યું હતું કે, ડીકે શિવકુમારે રાજ્યમાં મુસ્લિમો માટે ચાર ટકા અનામત આપવા માટે બંધારણમાં સુધારો કરવાની પ્રતિજ્ઞા લીધી છે. શિવકુમારે કહ્યું કે, જો આ દાવો સાચા સાબિત થશે તો હું રાજકારણમાંથી સન્યાસ લઈ લઈશ. કોંગ્રેસ નેતાનું આ નિવેદન આવતાની સાથે મંગળવારે ભાજપે રાજ્યભરમાં આ મામલે તેમના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિવકુમારે કહ્યું, મેં ઈન્ટરવ્યુમાં જણાવેલ સચ્ચાઈ અને મારા રાજકીય વલણને ભાજપ પચાવી શકતું નથી. મેં ક્યારે એવું કહ્યું નથી કે હું બંધારણ બદલવા જઈ રહ્યો છું? જો મેં કહ્યું હોત, તો હું તેને સ્વીકાર કરી લેતો. આપણે જ બંધારણ લઈને આવ્યા છીએ અને આપણે જ તેનું રક્ષણ કરી રહ્યા છીએ. આપણા નેતાઓ સમજદાર છે અને તેમણે ઈન્ટરવ્યુ જોયો છે. તેમણે વધુમાં કહ્યું, આ ભાજપના નેતાઓએ જ કહ્યું હતું કે તેઓ બંધારણ બદલશે. જો મેં ક્યારેય પણ એવું કહ્યું હોય કે, હું બંધારણ બદલીશ, તો હું રાજકારણમાંથી સન્યાસ લઈ લઈશ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું કોંગ્રેસ હાઈકમાન્ડે સ્પષ્ટતા માંગી છે, ત્યારે તેમણે કહ્યું, હા, તેમણે સ્પષ્ટતા માંગી છે. મેં તેમને ઈન્ટરવ્યૂની વિગતવાર સમીક્ષા કરવા કહ્યું છે. તેઓ આ વાતથી સહમત છે, કે મેં આવું કંઈ કહ્યું નથી. રવિવારે એક મીડિયા કાર્યક્રમમાં શિવકુમારે કથિત રીતે એવું સૂચન કર્યું હતું કે, "અચ્છે દિન" ત્યારે આવી શકે છે જ્યારે બંધારણમાં સુધારો કરવામાં આવે. જોકે, કોંગ્રેસના નેતાએ સોમવારે દાવો કર્યો હતો કે, મારી વાતને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે અને મેં ક્યારેય કહ્યું નથી કે અમે બંધારણ બદલીશું. આ દરમિયાન ભાજપે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કરી આરોપ લગાવ્યો છે કે, મુસ્લિમ ક્વોટા પરની તેમની ટિપ્પણીએ બંધારણમાં ફેરફાર કરવો એ પાર્ટીના "છુપાયેલા એજન્ડા"ને ઉજાગર કરે છે. સોમવારે ભાજપે આ મુદ્દો સંસદમાં પણ ઉઠાવ્યો હતો. પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો હતો કે, મત માટે બંધારણમાં ફેરફાર કરવો એ કોંગ્રેસનો છુપાયેલ એજન્ડા છે અને શિવકુમારની ટિપ્પણી તેની એક શરૂઆત છે.

ઘરમાં ઘૂસી મહિલા પર દુષ્કર્મ આચર્યું

# દુષ્કર્મ પીડિતાએ એસિડ ફેંકી આરોપીનો ચહેરો બાળી નાખ્યો

**(SSS)** ભોજપુર, બિહારનો ભોજપુર જિલ્લો એક ભયાનક કાંડથી હચમચી ઉઠ્યો છે. અહીં એક વ્યક્તિએ ઘરમાં ઘૂસીને પોતાની ભાભી સાથે દુષ્કર્મ આચરવું અને પીડિતા દ્વારા આરોપી પર એસિડ ફેંકવાનો મામલો સામે આવ્યો છે. આ સમગ્ર ઘટના સોમવારે રાત્રે ઉદવંતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં બની હતી. આરોપી મહેન્દ્ર સિંહ ઉર્ફે મહેન્દ્ર યાદવ જે તે જ ગામનો રહેવાસી છે. એસિડ હુમલામાં તેનો ચહેરો અને આંખો બળી ગઈ છે. પોલીસ કસ્ટડીમાં તેની સદર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બીજી તરફ માહિતી મળતાં જ FSLની ટીમ પોલીસ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

FSLની ટીમ ઘટનાસ્થળેથી સેમ્પલ એકત્રિત કરીને કેસની તપાસ કરી રહી છે. ઘટના અંગે એવું કહેવામાં આવી રહ્યું છે કે, પીડિતાનો પતિ દિલ્હીમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરે છે. તે તેના બે બાળકો સાથે ગામમાં રહે છે. સોમવારે રાત્રે તે તેના બાળકો સાથે ઘરમાં બેઠી હતી. ત્યારે આરોપીએ તેના ઘરમાં ઘૂસીને મહિલા પર દુષ્કર્મ આચર્યું. ઘટના બાદ ગુસ્સે ભરાયેલી પીડિતાએ ઘરમાં બોટલમાં રાખેલ એસિડ તેના ચહેરા પર ફેંકી દીધું. જેના કારણે આરોપીનો ચહેરો બળી ગયો. ત્યારબાદ પીડિતા દ્વારા ઉદવંતનગર પોલીસ સ્ટેશનમાં મહેન્દ્ર સિંહ ઉર્ફે મહેન્દ્ર યાદવ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને આરોપીની ધરપકડ કરી લીધી. FSLની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કર્યા હતા. બીજી તરફ SHO રામ કલ્યાણ યાદવે જણાવ્યું કે, દિયર દ્વારા ઘરમાં ઘૂસીને મહિલા પર દુષ્કર્મ કરવાનો કેસ નોંધવામાં આવ્યો છે. ત્યારબાદ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. પીડિતાની તબીબી તપાસ કરવામાં આવી છે. પીડિતાનું કોર્ટમાં કલમ ૧૬૪ હેઠળ નિવેદન નોંધવામાં આવશે.

અમે ૨૦ હજારથી વધુ આતંકીઓને ઠાર કર્યા છેઃ ઈઝરાયેલનો દાવો

# ઈઝરાયેલના હુમલામાં ગાઝા પટ્ટીમાં વધુ ૨૩ લોકોનાં મોત

### ઝરાયેલે ગત સપ્તાહથી હવાઈ હુમલાઓ તેજ કર્યા છે જેના કારણે મૃતકો અને ઘાયલોની સંખ્યા વધી રહી છે

**(SSS)** દેર અલ-બલાહ ઈઝરાયેલના ગાઝા પટ્ટી પરના હવાઈ હુમલામાં એક રાતમાં વધુ ૨૩ લોકોના મોત થયા છે. નાસેર હોસ્પિટલના કહેવા મુજબ મૃતકોમાં ત્રણ બાળકો અને તેમના માતા-પિતા સામેલ છે. જે દક્ષિણમાં આવેલા ખાન યુનિસ શહેરમાં એક ટેન્ટની પાસે થયેલા હુમલામાં માર્યા ગયા છે. ઈઝરાયેલે ગત સપ્તાહથી હવાઈ હુમલાઓ તેજ કર્યા છે જેના કારણે મૃતકો અને ઘાયલોની સંખ્યા વધી રહી છે. ઈઝરાયેલે છેલ્લા ૧૭ મહિના પછી થયેલી યુદ્ધવિરામ સમજૂતિનો ભંગ કર્યો છે, તેમ હમાસનું કહેવું છે. પેલેસ્ટાઈનના આરોગ્ય મંત્રાલયના કહેવા મુજબ ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હમણાં સુધી ૫૦ હજારથી વધુ પેલેસ્ટાઈનના નાગરિકોના મોત થયા છે. જોકે, આ આંકડામાં હમાસના લડવૈયા કેટલા હતા તેનો વિગતો આપવામાં આવી નથી. બીજી તરફ, ઈઝરાયેલનું કહેવુ છે કે તેમના સૈન્યે હમાસના ૨૦ હજારથી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા છે, પરંતુ આ અંગે ઈઝરાયેલે કોઈ પુરાવા આપ્યા નથી. ઈઝરાયેલનું કહેવું છે કે એ અમે ફક્ત આતંકવાદીઓને ટાર્ગેટ કરીએ છીએ.

પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ PT શિક્ષકોની ટીંગાટોળી

# રાજ્યના વ્યાયામ શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

### કાયમી ભરતીની માગ સાથે વિરોધ કરતા વિધાનસભા પહોંચે એ પહેલા જ અટકાયત

**(SSS)** ગાંધીનગર રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી ન થવાને કારણે રાજ્યના વ્યાયામ શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની પડતર માંગણીઓને લઈને વારંવાર સરકારમાં રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા, શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. ગઈકાલથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનના ભાગરૂપે આજે પણ મોટી સંખ્યામાં વ્યાયામ શિક્ષકો ગાંધીનગરના રામકથા મેદાનમાં એકઠા થયા હતા. જો કે, વિધાનસભા તરફ કૂચ કરે તે પહેલાં જ પોલીસે તેઓને અટકાવી લીધા હતા અને ટીંગાટોળી કરીને તેમની ધરપકડ કરી હતી. આજે સવારથી જ રામકથા મેદાન ખાતે વ્યાયામ શિક્ષકો એકત્ર થવા લાગ્યા હતા. તેઓ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને પોતાની કાયમી ભરતીની માંગણી પર અડગ રહ્યા હતા. શિક્ષકોએ શાંતિપૂર્ણ રીતે ધરણાં પ્રદર્શન શરૂ કર્યું હતું, પરંતુ વિધાનસભા તરફ આગળ વધવાનો પ્રયાસ કરતાં જ પોલીસ સાથે તેમનું ઉગ્ર ઘર્ષણ થયું હતું. પરિણામે, પોલીસે બળપ્રયોગ કરીને વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોને બળજબરીથી ઉપાડ્યા હતા અને અનેક આંદોલનકારીઓને પોલીસ વાનમાં બેસાડીને લઈ ગયા હતા. આ ઘટનાના કારણે વાતાવરણ તંગ બની ગયું હતું. વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો પણ જોરદાર વિરોધ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, રાજ્યની શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસ અને રમતગમતમાં ગુજરાતના બાળકો આગળ વધે તે માટે વ્યાયામ શિક્ષકોની નિમણૂક થવી જરૂરી છે. શિક્ષકોએ આ યોજનાને અન્યાયી ગણાવી હતી.

ગામલોકોએ પકડીને લગ્ન કરાવી દીધા

# મેળામાં આવેલા યુવક-યુવતી ચકડોળમાં કરવા લાગ્યા ગંદી હરકત

**(SSS)** મુઝફ્ફરપુર બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાંથી પ્રેમ પ્રસંગ અને લગ્નનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં પ્રેમિકાના ગામમાં મેળામાં ફરવા આવેલા યુવકે પહેલા મેળામાં પ્રેમી સાથે ફર્યો, બાદમાં ચકડોળ પર અશ્લીલ હરકતો કરવા લાગ્યો, આ ઘટના ગામલોકો જોઈ ગયા. ત્યાર બાદ ગામલોકોએ તેને ખૂબ માર્યો. બાદમાં સહમતિ થઈ તો બંનેના લગ્ન કરાવી દીધી. આખો મામલો મુઝફ્ફરપુર જિલ્લાના જજુઆર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કટાઈ પંચાયતના ઉફરૌલી ગામનો છે.

હકીકતમાં જોઈએ તો, કટરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના નવાદા ગામના રહેવાસી વિજય કુમાર પોતાની પ્રેમિકાને મળવા પાડોશના ગામ જજુઆરના ઉફરૌલીમાં યોજાતા મેળામાં પહોંચ્યો હતો. આ દરમ્યાન તેણે પ્રેમિકાને પણ મળવા બોલાવી હતી અને બંને મળ્યા બાદ ચકડોળ પર બેસીને મજા લેતા અશ્લીલ હરકતો કરતા હતા.

આ દરમ્યાન ત્યાં સ્થાનિક લોકોની નજર તેમના પર પડી. લોકોએ પહેલા તો યુવકને પકડી લીધો અને બાદમાં તેની ધોલાઈ કરી. પછી પ્રેમી કપલના પરિવારની શોધ કરી તેમને આ મામલે જાણ કરવામાં આવી. સૂચના મળતા જ બંને છોકરા છોકરીના પરિવારના લોકો આવી પહોંચ્યા. સ્થાનિક લોકોની મદદથી બંનેના લગ્ન કરાવી દીધા. કહેવાય છે કે યુવતી રંગીલા કુમારીના પિતાનું નિધન થઈ ચુક્યું છે અને તે ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે.

રંગીલા કુમારી ચાર બહેનોમાં સૌથી નાની બહેન છે. તેની ત્રણેય બહેનોના લગ્ન થઈ ચુક્યા છે. રંગીલા હાલમાં ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી રહી હતી અને કોલેજમાં તેને એક છોકરા સાથે પ્રેમ થઈ ગયો. વિજય કુમાર નામના આ યુવક સાથે યુવતીને છેલ્લા ૮ મહિનાથી પ્રેમ હતો.

શેરબજારમાં સાત દિવસની તેજી બાદ પ્રોફિટ બુકિંગ

# સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટનું ગાબડું, ૨૮૧ શેર વર્ષના તળિયે

### સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૯૭૩.૬૫ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૭૨૮.૬૯ પોઈન્ટ તૂટી ૭૭૨૮૮.૫૦ પર બંધ રહ્યો

**(SSS)** મુંબઈ શેરબજારમાં સળંગ સાત દિવસની તેજી બાદ આજે પ્રોફિટ બુકિંગ નોંધાયું હતું. સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૯૭૩.૬૫ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૭૨૮.૬૯ પોઈન્ટ તૂટી ૭૭૨૮૮.૫૦ પર બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડીમાં આજે વધુ રૂ. ૩.૪૨ લાખ કરોડનું ગાબડું નોંધાયુ હતું. એનએસઈ નિફ્ટી આજે ૨૩૭૦૦ના સ્તરે ખૂલ્યા બાદ ૩૦૦ પોઈન્ટ સુધી તૂટ્યો હતો. જે અંતે ૧૮૧.૮૦ પોઈન્ટના કડાકે ૨૩૪૮૬.૮૫ પર બંધ રહ્યો હતો. એનએસઈ ખાતે આજે ૧૮૭ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. નિફ્ટીએ ૨૩૫૦૦ની અંદર બંધ આપતાં રોકાણકારોમાં અનિશ્ચિતતાઓના વાદળો વધ્યા છે. બીએસઈ ખાતે આજે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ જોવા મળી હતી. કુલ ટ્રેડેડ ૪૧૪૩ શેર પૈકી ૯૧૯ શેર સુધારા તરફી અને ૩૧૧૫ શેર ઘટાડા સાથે બંધ રહ્યા હતા. એકંદરે વેચવાલીના માહોલ વચ્ચે ૨૮૧ શેર વર્ષના તળિયે પહોંચ્યો હતો. સેક્ટોરલ ઈન્ડેક્સમાં કેપિટલ ગુડ્સ ૦.૦૫ ટકા સુધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય તમામ ઈન્ડેક્સ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા. બેન્કેક્સ ૧.૦૮ ટકા, પીએસયુ ૧.૩૫ ટકા, એનર્જી ૧.૨૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૫૨ ટકા ઘટાડે બંધ રહ્યો હતો. અમેરિકા દ્વારા બીજી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાગુ થવા મુદ્દે હજી સુધી કોઈ સ્પષ્ટતા આવી નથી. જેના લીધે રોકાણકારો પ્રોફિટ બુક કરતા જોવા મળ્યા છે. ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે, બીજી એપ્રિલે લિબરેશન ડે હોવાથી રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની તારીખ પાછળ ઠેલવવામાં આવી શકે છે. તેમજ અમુક સુધારા વધારા લાગુ કરે તેવા સંકેતો પણ જોવા મળી શકે છે.

આજે આઈટી ક્ષેત્રની મોટી કંપનીઓએ પોતાનો ફાયદો ગુમાવ્યો હતો. ટેક મહિન્દ્રા અને ઈન્ફોસિસ સૌથી નબળા શેર હતા. NTPC અને BPCL જેવી સરકારી કંપનીઓના શેરમાં પણ વેચવાલી જોવા મળી. નિફ્ટીમાં ઈન્ડસઈન્ડ બેંક સૌથી વધુ વધનાર શેર રહ્યો. આ શેર આજે લગભગ ૩% ના વધારા સાથે બંધ થયો. બોર્ડ મીટિંગ પહેલા અશોક લેલેન્ડનો શેર ૨%ના વધારા સાથે બંધ થયો. સકારાત્મક વિકાસ છતાં, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ અને અમરાજ રાજા આજે ૫% ઘટીને બંધ થયા.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### ૫૪થી વધુ તીર્થસ્થળોની ઓળખ થઈ

# સંભલમાં હિન્દુ મંદિરોની શોધ માટે યોગીએ લીધો સંકલ્પ

## ઓવૈસી જેવા લોકોની રાજનીતિ ખતરામાં છે : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ



(SSS) લખનૌ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંભલમાં આવેલા હિન્દુ મંદિરોને ઓળખવાનો અને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. સરકારી અધિકારીઓએ અત્યાર સુધીમાં ૫૪થી વધુ તીર્થસ્થળોની ઓળખ કરી છે, અને બાકીના સ્થળોની તપાસ ચાલુ છે. સીએમ યોગીએ ન્યૂઝ એજન્સી છઈૈં સાથે વાત કરતા આ વાત કહી. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સનાતન હિન્દુ ધર્મના મહત્વપૂર્ણ સ્થળો ભારતના વારસાના પ્રતીકો છે. સીએમ યોગીએ સ્પષ્ટપણે કહ્યું કે ''અમે સંભલમાં જે કંઇ છે તે શોધીશું અને સમગ્ર દુનિયાને તે બતાવીશું.'' તેમના મતે, ''સંભલનો ઈતિહાસ કોઈથી છુપાયેલો નથી, અને હકીકત હંમેશા હકીકત જ રહે છે.'' હિન્દુ મંદિરોના અવશેષો પર બનેલી મસ્જિદોના મુદ્દે સીએમ યોગીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે ''ઈસ્લામ પણ એ જ કહે છે કે હિન્દુ મંદિર કે હિન્દુ ઘર તોડી કોઈ પૂજા સ્થળ બનાવવું ધાર્મિક રીતે સ્વીકાર્ય નથી.'' સંભલમાં મસ્જિદો પર તાડપત્રી લગાવવાના વિવાદ પર સીએમ યોગીએ પ્રશ્ન ઉઠાવ્યો કે ''મુહરમ દરમિયાન જે સરઘસ નીકળે છે, તેના ધ્વજનો પડછાયો જો હિન્દુ મંદિર અથવા ઘરો પર પડે, તો શું તેને અશુદ્ધ ગણવામાં આવે? જે કોઈને કોઈ ખાસ રંગ ન ગમતો હોય, તેને ન લગાવવો જોઈએ, પણ બેવડા ધોરણ શા માટે?'' સીએમ યોગીના આ નિવેદન બાદ સંભલમાં હિન્દુ મંદિરોની શોધ અને ઐતિહાસિક તથ્યોને લઈને ચર્ચા તેજ બની છે. તે જ સમયે, મહાકુંભમાં મુસ્લિમોની ભાગીદારી પર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, 'કુંભ તે બધા લોકો માટે છે જે પોતાને ભારતીય માને છે.' મેં કહ્યું હતું કે જે કોઈ ભારતીય તરીકે આવે છે તેનું સ્વાગત છે, પરંતુ જો કોઈ નકારાત્મક માનસિકતા સાથે આવે છે, તો તે સ્વીકાર્ય નથી. તે જ સમયે, મહાકુંભ પર કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોની ટિપ્પણીઓ પર તેમણે કહ્યું, 'તેમના ઘણા નેતાઓ, મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ આવ્યા હતા.' આ ભાજપનો કાર્યક્રમ નહોતો. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને લોકોની સંભાળ રાખી રહ્યા છે અને તેમના વિશ્વાસનું સન્માન કરી રહ્યા છે. ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી મોટાભાગનો સમય કોંગ્રેસ સત્તામાં રહી, આ સમયગાળા દરમિયાન તેમણે આ કેમ ન કર્યું? ૨૦૧૯ માં, પીએમ મોદીએ પ્રયાગરાજના કુંભને યુનેસ્કો સાંસ્કૃતિક વારસા તરીકે માન્યતા અપાવી. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીના 'મુસ્લિમો ખતરામાં છે' તેવા નિવેદન પર મુખ્યમંત્રીએ કહ્યું, 'મુસ્લિમો ખતરામાં નથી.' તેમની વોટ બેંકની રાજનીતિ જોખમમાં છે. જે દિવસે ભારતીય મુસ્લિમો પોતાના પૂર્વજોને સમજી જશે, તે દિવસે બધાએ પોતાનો સામાન બાંધીને ભાગી જવું પડશે. ભારતીય મુસ્લિમોએ યાદ રાખવું જોઈએ કે જ્યારે હિન્દુઓ અને હિન્દુ પરંપરાઓ સુરક્ષિત હશે ત્યારે જ તેઓ સુરક્ષિત રહેશે. ૧૯૪૭ પહેલા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ ભારતનો ભાગ હતા. આપણે એ સત્ય કેવી રીતે ભૂલી શકીએ? શું પાકિસ્તાનમાં હિંગળાજ માતાનું મંદિર નથી? શું બાંગ્લાદેશમાં માતા ઢાકેશ્વરીનું કોઈ મંદિર નથી? વકફ સુધારા બિલ પર મુખ્યમંત્રીએ કહ્યું, 'મસ્જિદો પર કબજો કરીને ભાજપ શું કરશે?' વકફના નામે તમે કેટલી જમીનનો કબજો મેળવશો? તેઓ ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે વકફના નામે એક પણ કલ્યાણકારી કાર્ય નથી કર્યું? તેમણે પોતાના અંગત ફાયદા માટે વકફ મિલકતો વેચી દીધી છે. તમને આ શક્તિ કોણે આપી કે તમે કોઈની પણ જમીન પર કબજો કરી શકો છો? કોઈપણ જાહેર જમીન પર કબજો કરશે. વકફ સુધારા બિલ એ સમયની માંગ છે. આ દેશ અને મુસ્લિમો બંનેના હિતમાં હશે.

### સુપ્રીમ કોર્ટે જજને લગાવી ફટકાર

# સ્તન પકડવા એ રેપનો મામલો નથી... સુપ્રીમ કોર્ટે HCના ચુકાદા પર લગાવી રોક

## હાઈકોર્ટ દ્વારા આપવામાં આળેલા આ ચુકાદાને સુપ્રીમ કોર્ટે અસંવેદનશીલ અને અમાનવીય ગણાવ્યો



(SSS) નવી દિલ્હી,

દેશની સર્વોચ્ચ અદાલતે અલાહાબાદ હાઈર્ટના વિવાદિત નિર્ણય પર મોટો ફેંસલો આપ્યો છે. અલાહાબાદ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે ફક્ત સ્તન પકડવા તે બળાત્કારનો અપરાધ ન ગણી શકાય. સુપ્રીમ કોર્ટે બુધવારે અલાહાબાદ હાઈકોર્ટના એ વિવાદિત આદેશ પર રોક લગાવી જેમાં કહેવાયું હતું કે એક સગીરાના સ્તનના પકડવા, તેના પાયજામાનું નાડું તોડવું એ બળાત્કારની પ્રયાસ ગણી શકાય નહીં. ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું કે તેમને એ કહેતા તકલીફ થઈ રહી છે કે હાઈકોર્ટના આદેશમાં કરાયેલી કેટલીક ટિપ્પણીઓ સંપૂર્ણ રીતે અસંવેદનશીલ અને અમાનવીય દ્રષ્ટિકોણવાળી છે. ચુકાદો લખનારા તરફથી સંવેદનશીલતાનો અભાવ જોવા મળ્યો. નિર્ણય તત્કાળ લેવાયો નહતો, પરંતુ ચુકાદો સુરક્ષિત રાખ્યાના ૪ મહિના બાદ સંભળાવવામાં આવ્યો. એક રિપોર્ટ મુજબ સુપ્રીમ કોર્ટે કહ્યું કે જજ માટે કઠોર શબ્દોનો ઉપયોગ કરવા બદલ દિલગીર છીએ, પરંતુ આ ગંભીર બાબત છે અને જજે ક્ષણિક આવેગમાં આ આદેશ આપ્યો નથી. લાઈવ લોએ સુપ્રીમ કોર્ટની બેન્ચના હવાલે કહ્યું કે, પેરા ૨૪, ૨૫, ૨૬ માં કરાયેલી ટિપ્પણીઓ કાયદા મુજબ માન્ય નથી અને અસંવેદનશીલતા દર્શાવે છે, આથી અમે તેના પર રોક લગાવવાના પક્ષમાં છીએ. અમે કેન્દ્ર, ઉત્તર પ્રદેશને નોટિસ પાઠવીએ છીએ. બેન્ચે અલાહાબાદ હાઈકોર્ટના ૧૭ માર્ચના આદેશ સંબંધિત મામલામાં નોંધ લેતા શરૂ કરાયેલી કાર્યવાહીમાં કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને અન્યને નોટિસ પાઠવી. હાઈ કોર્ટે ૧૭ માર્ચના રોજ પોતાના એક આદેશમાં કહ્યું હતું કે માત્ર સ્તન પકડવા અને પાયજામાના નાડાન કેંચવું બળાત્કારના અપરાધના દાયરામાં આવતું નથી પરંતુ આ પ્રકારના અપરાધ કોઈ પણ મહિલા વિરુદ્ધ હુમલા કે અપરાધિક બળના ઉપયોગના દાયરામાં આવે છે. આ આદેશ ન્યાયામૂર્તિ રામ મનોહર નારાયણ મિશ્રાએ બે વ્યક્તિઓ દ્વારા દાખલ કરેલી એક અરજી પર આપ્યો હતો. આ આરોપીઓએ કાસગંજના વિશેષ ન્યાયાધીશ દ્વારા અપાયેલા એક આદેશને પડકારતા આ અરજી દાખલ કરી હતી. ઉત્તર પ્રદેશના કાસંગજની એક મહિલાએ ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી કે તેઓ નવેમ્બર ૨૦૨૧ના રોજ તેમની ૧૪ વર્ષની દીકરી સાથે એક સંબંધીના ઘરેથી પાછા ફરી રહ્યા હતા ત્યારે ગામના પવન, આકાશ અને અશોક મળ્યા અને બાઈકથી ઘરે છોડવાની વાત કરી. મહિલાએ વિશ્વાસ કરીને દીકરીને જવા દીધી પરંતુ રસ્તામાં ત્રણેય જણે તેની સાથે દુષ્કર્મનો પ્રયત્ન કર્યો. ગ્રામીણો પહોંચી જતા આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા.

### રાજધાનીમાં કિલ્લેબંધીના અહેવાલ, આર્મી ચીફ વકારે અટકળોની નકારી કાઢી

# બાંગ્લાદેશમાં ફરી તખ્તાપલટની વ્યાપક અટકળો વચ્ચે ઢાકામાં આર્મી તૈનાત કરાઈ

## ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીમાં વધારાથી અફવાને વધુ હવા મળી રહી છે, જોકે આર્મી ચીફે આવી કોઈ હિલચાલને નકારી કાઢી હતી

(SSS) ઢાકા

બાંગ્લાદેશમાં આર્મી અને વિદ્યાર્થીઓ સંગઠનો વચ્ચે વધતાં જતા તણાવ વચ્ચે ફરી એક વાર તખ્તાપલટની અટકળોને વેગ મળ્યો છે. મિલિટરી સત્તા કબજે કરીને માર્શલ લો કે ઈમર્જન્સીની જાહેરાત કરે તેવી વ્યાપક અફવાઓ ચાલી રહી છે. ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીમાં વધારાથી અફવાને વધુ હવા મળી રહી છે.

જોકે આર્મી ચીફે આવી કોઈ હિલચાલને નકારી કાઢી હતી. આર્મી તથા વહીવટીતંત્ર અને વિદ્યાર્થીઓ નેતાઓ વચ્ચે વધતા તણાવને પગલે આર્મી હવે મુહમ્મદ યુનુસની વચગાળાની સરકાર સામે કાર્યવાહી કરશે તેવી ચિંતામાં વધારો થયો છે. ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીથી લશ્કરી બળવાની અફવાઓને વધુ વેગ મળ્યો છે. સાવર સ્થિત બાંગ્લાદેશી સેનાના ૯મી ડિવિઝનના સૈનિકોને એકજૂથ કરવામાં આવ્યા છે અને સૈનિકો તબક્કાવાર ધોરણે રાજધાનીમાં પ્રવેશી રહ્યાં હોવાના અહેવાલ હતાં. દેશના અગ્રણી મીડિયા હાઉસ નોર્થીસ્ટ ન્યૂઝે સુરક્ષા સંસ્થાના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે આર્મી ખાસ કરીને ઢાકામાં કિલ્લેબંધી કરવા માગે છે. જોકે આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને સોમવારે અફવાઓને ફગાવી દીધી હતી અને લોકોને ધીરજ રાખવાનો અનુરોધ કર્યો હતો.ઢાકા કેન્ટોનમેન્ટમાં 'ઓફિસર્સ એડ્રેસમાં'માં દેશભરના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓને સંબોધતા જનરલ વકારે સૈન્યના સમર્પણ, પ્રોફેશનાલિઝમ અને પ્રતિકારક્ષમતાની પ્રશંસા કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે ખોટી માહિતી ફેલાતી રોકવી જોઇએ. જનરલ વકારે કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને ઉશ્કેરણીજનક નિવેદનો અંગે ચિંતા વ્યકત કરી હતી. મિલ્લિટરીએ ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કરવામાં અને યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.તાજેતરના મહિનાઓમાં રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોના વધતા જતાં વિરોધને કારણે તણાવ વધ્યો છે, જેના કારણે લશ્કરી વર્તુળોમાં બેચેની છે. લશ્કરના કેટલાક જૂથો અસંમતિ વ્યક્ત કરનારા અવાજોને દબાવી લેવાની માગણી કરી રહ્યાં છે. જોકે જનરલ વકારે ઉતાવળા પગલાં સામે ચેતવણી આપતા કહ્યું હતું કે આવા પગલાંથી દેશને અસ્થિર કરવા માંગતા લોકોને લાભ થશે. શુક્રવારે એક વિદ્યાર્થી નેતાએ પ્રી-રેકોર્ડેડ વીડિયોમાં સેના પ્રમુખ પર વિસ્ફોટક આક્ષેપો કર્યા હતાં. વચગાળાની સરકારમાં સ્થાનિક સરકાર, ગ્રામીણ વિકાસ અને સહકારી મંત્રાલયના સલાહકાર તરીકે સેવા આપતા આસિફ મહમૂદ શોજીબ ભુઈયાએ દાવો કર્યો હતો કે જનરલ વકાર શરૂઆતમાં મુહમ્મદ યુનુસની મુખ્ય સલાહકાર તરીકે નિમણૂકને સમર્થન આપવા તૈયાર ન હતાં.

## ઉમેદવાર જાહેર થયા બાદ ગોપાલ ઈટાલિયા પહોંચ્યા વિસાવદર

(SSS) જૂનાગઢ,

વિસાવદર સીટના પેટા ચૂંટણી માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા હજુ કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી. પક્ષ દ્વારા આ બેઠક પરથી ગોપાલ ઈટાલિયાના નામની જાહેરાત કરવામાં આવી છે. ગોપાલ ઈટાલિયાએ તેનું નામ જાહેર થયા બાદ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. વિસાદર પહોંચેલા ગોપાલ ઈટાલિયાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુંગોપાલ ઈટાલિયાએ વિસાવદર બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસ અને આપનાં ગઠબંધન અંગે પૂછવામાં આવેલા પ્રશ્ન અંગે જવાબ આપતા કહ્યું હતું કે, ''કોંગ્રસ સાથેનાં ગઠબંધન અંગેનો પ્રશ્ન મહત્વપૂર્ણ છે, જે દિવસે વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી આવતી હતી તે સમયે વિસાવદર બેઠક પર ખાલી હતી અને તે સમયે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠક બાદ નક્કી થયેલું કે વાવ બેઠક પર કોંગ્રેસ લડશે અને આપ ઉમેદવાર નહિ ઉતારે, તે જ રીતે વિસાવદર બેઠક પર જ્યારે પણ ચૂંટણી આવશે ત્યારે આપ લડશે અને કોંગ્રેસ ઉમેદવાર નહિ ઉતારે.

### સીઓ અનુજ ચૌધરીએ કહ્યું

# ઈદની સેવઈયાં ખવરાવવા માટે હોળીની ગુજિયા પણ ખાવી પડશે

(SSS) લખનઉ,

ઉત્તર પ્રદેશના સંભલમાં ચાલી રહેલા સાંપ્રદાયિક તણાવને ધ્યાનમાં રાખીને, બુધવારે કોતવાલી પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં, સર્કલ ઓફિસર (CO) અનુજ ચૌધરીએ ખૂબ જ હિંમતભેર પોતાના નિવેદનોનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે પોલીસ દ્વારા સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા માટે ચોક્કસપણે પગલાં લેવામાં આવ્યા છે. અમે બંને પક્ષોને ધ્યાનમાં રાખીને અમારું નિવેદન આપ્યું છે. આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું, જો તમારે ઈદના સેવઈયાં ખવડાવવા હોય, તો તમારે હોળીના ગુજિયા પણ ખાવા પડશે. સીઓ અનુજ ચૌધરીએ કહ્યું કે બંને પક્ષોએ ગુજિયા ખાવી જોઈએ. પણ અહીં જ ગડબડ થઈ જાય છે. જ્યારે એક પક્ષ ખાતો નથી અને બીજી બાજુ ખાય છે ત્યારે ભાઈચારો અહીં સમાપ્ત થાય છે. બુધવારે સંભલ કોતવાલીમાં શાંતિ સમિતિની બેઠક દરમિયાન, તેમણે કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરવાનો છે. તેમણે આગળ કહ્યું, જો મારું નિવેદન આટલું ખોટું હતું, તો તમારે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવું જોઈતું હતું. તેમણે મને સજા કેમ ન આપી? સીઓએ કોઈનું નામ લીધા વિના પ્રશ્નો પૂછ્યા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમણે હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયો માટે સમાન રીતે વાત કરી હતી. આ વિવાદ હોળીના થોડા દિવસો પહેલા શરૂ થયો હતો જ્યારે તેમણે કહ્યું હતું કે હોળી એક એવો તહેવાર છે જે વર્ષમાં એકવાર આવે છે, જ્યારે શુક્રવારની નમાઝ ૫૨ વખત અદા કરવામાં આવે છે. જે કોઈને હોળીના રંગોથી મુશ્કેલી હોય તો તે દિવસે ઘરની અંદર રહેવું જોઈએ. તેમણે કહ્યું, અમારો ઉદ્દેશ્ય આપણે જ્યાં પણ રહીએ છીએ, શાંતિ ખલેલ ન પહોંચે તેવો રહ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી કે તેમનો હેતુ અપમાન કરવાનો નહોતો પરંતુ બધા ધર્મોના તહેવારોનું સન્માન કરવાના મહત્વ પર ભાર મૂકવાનો હતો. અનુજ ચૌધરીએ પરસ્પર આદર અને એકબીજાના ઉજવણીમાં ભાગીદારીની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આ સાથે સંભલમાં હિંસા પછી પોલીસ કાર્યવાહી પરના આરોપો વિશે વાત કરતા, તેમણે ખાતરી આપી કે પુરાવાના આધારે ધરપકડ કરવામાં આવી રહી છે. ઉપરાંત આ મુદ્દે રાજકારણ ન કરવા વિનંતી પણ કરી હતી.

### ખંડણીમાં માગ્યા ૧૦ લાખ રુપિયા

# મિત્રોએ મળીને ૯માં ધોરણમાં ભણતા બાળકનું અપહરણ કર્યું

(SSS) નવી દિલ્હી,

દિલ્હીના વઝીરાબાદ માંથી એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. હકીકતમાં જોઈએ તો, અહીં દોસ્તોએ મળીને ૯માં ધોરણમાં ભણતા બાળકનું અપહરણ કરી લીધું અને તેની હત્યા કરી નાખી. અહીં ઉલ્લેખનિય છે કે, બાળકને અપહરણ કર્યા બાદ કિડનેપરે પરિવારને ફોન કરી ૧૦ લાખ રુપિયાની ખંડણી માગી હતી. જો કે હવે ભલસ્વા તળાવ નજીક સુનસાન વિસ્તારમાં હત્યા કરી કિડનેપરે બાળકની લાશ ફેંકી દીધી. મૃતક બાળકના શરીર પર ચાકૂના નિશાન મળ્યા છે. દિલ્હી પોલીસે આ મામલે ત્રણ બાળકોને પકડી લીધા છે. જેમની સાથે પૂછપરછ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, મૃતકની ઓળખ ૧૫ વર્ષીય વૈભવ તરીકે થઈ છે, જે મિલ વિહાર વિસ્તારમાં તેના પરિવાર સાથે રહેતો હતો. વૈભવના પિતા વિકાસ ગર્ગ વ્યવસાયે ડ્રાઈવર છે. તેમણે જણાવ્યું કે તેમનો દીકરો મુખર્જી નગર સ્થિત શાળામાં ૯મા ધોરણમાં અભ્યાસ કરતો હતો. રવિવારે વૈભવ રમવા માટે બહાર ગયો હતો પણ જ્યારે તે પાછો ન આવ્યો ત્યારે વૈભવના પિતાએ પોલીસને જાણ કરી. આ દરમિયાન, વિકાસને વૈભવના મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો અને ફોન કરનારે વૈભવના પિતા વિકાસ પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માંગી.

આ પછી પરિવારે પોલીસને આ ફોન કોલ વિશે જાણ કરી. તપાસ બાદ, પોલીસે શંકાસ્પદ તરીકે ત્રણ સગીરોની પૂછપરછ કરી, જેમણે વૈભવની હત્યાની કબૂલાત કરી. મળતી માહિતી મુજબ, આ ઘટનામાં સામેલ ત્રણેય આરોપીઓ વૈભવના ઘરની નજીક રહેતા હતા. રવિવારે, ત્રણેય છોકરાઓ વૈભવને ભાલસ્વા ડેરી તળાવ પાસેના જંગલમાં લઈ ગયા. અહીં તેઓએ વૈભવનું ગળું કાપી નાખ્યું અને તેનો મૃતદેહ ત્યાં ફેંકી દીધો અને ભાગી ગયા. આ ઘટના બાદ, પોલીસ ટીમે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા અને સર્વેલન્સની મદદ લીધી. આ પછી, પોલીસે ત્રણેય છોકરાઓને શંકાસ્પદ માન્યા અને તેમની પૂછપરછ કરી, ત્યારબાદ ત્રણેય આરોપીઓએ પોતાનો ગુનો કબૂલ કર્યો.

**ભલસ્વા તળાવ નજીક હત્યા કરી કિડનેપરે બાળકની લાશ ફેંકી દીધી : બાળકના શરીર પર ચાકૂના નિશાન મળ્યા**

### મતદાન માટે હવેથી નાગરિકતાનો પુરાવો ફરજિયાત

# અમેરિકાની ચૂંટણી પ્રણાલીમાં ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો મોટો ફેરફાર

## આ આદેશ હેઠળ મતદારોએ રજિસ્ટ્રેશન માટે નાગરિકતાનું પ્રમાણ, જેમ કે, પાસપોર્ટ અનિવાર્યપણે રજૂ કરવો પડશે

(SSS) વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે એક મહત્ત્વપૂર્ણ કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતાં. જેમાં અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં વ્યાપક ફેરફારોને અનિવાર્ય કરવામાં આવ્યા છે. આ પગલું એવા સમયે ઉઠાવવામાં આવ્યું છે, જ્યારે અમેરિકામાં ચૂંટણી પ્રક્રિયા મુદ્દે અનેક સવાલો ઉઠી રહ્યા છે.



આ આદેશ હેઠળ મતદારોએ રજિસ્ટ્રેશન માટે નાગરિકતાનું પ્રમાણ, જેમ કે, પાસપોર્ટ અનિવાર્યપણે રજૂ કરવો પડશે. તેમજ તમામ બેલેટ પેપર ચૂંટણીના દિવસ સુધી તમામને મળી રહે તેની ખાતરી કરવાની રહેશે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ આદેશનો ઉદ્દેશ ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાનું છે. આ કાર્યકારી આદેશ હેઠળ બેલેટ્સ પેપર ચૂંટણીના દિવસે જ લોકોને મળી રહે તેની ખાતરી કરવાની રહેશે. ટ્રમ્પે આ મુદ્દે જણાવ્યું હતું કે, ઘણા રાજ્યો આ કાયદાનું પાલન કરતા નથી. ચૂંટણી બાદ પણ બેલેટ્સ પેપરનો સ્વીકાર કરે છે. જે ખોટું છે. તેમજ વિદેશી નાગરિકોને ચૂંટણીમાં મત આપતા અટકાવવા માટે કડક નિયમોનું પાલન કરવામાં આવશે. મતદાન પ્રણાલીમાં બેલેટ્સ પેપરનો ઉપયોગ અનિવાર્ય રહેશે, જેથી મતદારો પોતાના મતની ખાતરી કરી શકશે અને છેતરપિંડીથી બચી શકાશે. આ વ્યાપક આદેશ બાદ ફેડરલ વોટર રજિસ્ટ્રેશન ફોર્મમાં સંશોધન કરવામાં આવ્યું છે. જેમાં મતદાન માટે હવે દેશના નાગરિક હોવાનું પ્રમાણ અનિવાર્ય રહેશે. તેમજ ચૂંટણીના દિવસ બાદ મળતાં મેઈલ-ઈન બેલેટ્સનો સ્વીકાર કરવામાં આવશે નહીં. તમામ રાજ્યોને આ આદેશનું પાલન કરવા ફરજ પાડવામાં આવશે. પ્રમુખ ટ્રમ્પે લાંબા સમયથી ચૂંટણીની અનિયમિતતાઓ અને છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને મેઈલ-ઈન વોટિંગના સંદર્ભમાં. જો કે, આ દાવાઓને સમર્થન આપતા નક્કર પુરાવા મળ્યા નથી. આ ઓર્ડર રિપબ્લિકન સમર્થિત સેફગાર્ડ અમેરિકન વોટર એલિજિબિલિટી (સેવ) એક્ટના ધ્યેયો સાથે સુસંગત છે, જે મતદારની યોગ્યતાની કડક ચકાસણીની હિમાયત કરે છે. આ એક્ઝિક્યુટિવ ઓર્ડરને કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે. ચૂંટણીના નિયમો નક્કી કરવાની સત્તા મુખ્યત્વે કોંગ્રેસ અને રાજ્યો પાસે છે, રાષ્ટ્રપ્રમુખ પાસે નહીં. ડેમોક્રેટ્સ અને સિવિલ સોસાયટીના સભ્યોએ આદેશને ગેરકાયદેસર ગણાવ્યો છે અને તેને કોર્ટમાં પડકારવાની યોજના બનાવી રહ્યા છે.

### ૪.૨ની તીવ્રતાથી ધ્રૂજી ધરા

# ચીનમાં મોડી રાત્રે ભયંકર ભૂકંપનો આવ્યો આંચકો

## સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે : ભૂકંપ બાદ કોઈ મોટું નુકસાન થયું નથી

(SSS) બેઈજીંગ

ભારતના પાડોશી દેશ ચીનમાં બુધવારે (૨૬ માર્ચ) સ્થાનિક સમય અનુસાર સવારે ૧:૨૧ વાગ્યે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તર ચીનના હેબેઈ પ્રાંતના લેંગફેંગમાં સ્થિત યોંગકિંગ કાઉન્ટીમાં આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર (CENC) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૨૦ કિલોમીટર નીચે હતું. ભૂકંપનું કેન્દ્ર બેઈજિંગની નજીક હતું, જેના કારણે ત્યાંના રહેવાસીઓએ પણ હળવા આંચકા અનુભવ્યા હતા. ચીનની એલર્ટ સિસ્ટમે તરત જ લોકોના ફોન પર એલર્ટ મેસેજ જાહેર કર્યા, જેનાથી લોકોને એલર્ટ રહેવાનો મોકો મળ્યો. નોંધનિય છે કે, ચીન ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ દેશોમાંથી એક છે. હળવાથી ગંભીર તીવ્રતાના ધરતીકંપો અહીં સમયે સમયે આવે છે, ખાસ કરીને ઉત્તર અને પશ્ચિમી પ્રદેશોમાં.

ચીનના ઉત્તરી હેબેઈ પ્રાંતમાં આવેલા ૪.૨ની તીવ્રતાના આ ભૂકંપમાં કોઈ ગંભીર નુકસાન થયું નથી. જોકે, બેઈજિંગ અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને કોઈ ઈમરજન્સી પગલાંની જરૂર નથી. ભૂકંપ બાદ કોઈ મોટું નુકસાન થયું નથી. ચીનમાં ભૂકંપની આશંકા યથાવત છે. આ દેશ વિશ્વના એવા પ્રદેશોમાંનો એક છે જ્યાં નાના-મોટા ભૂકંપ નિયમિતપણે આવે છે. ચીનની ભૌગોલિક સ્થિતિ અને ટેકટોનિક પ્લેટોની ગતિવિધિને કારણે અહીં ભૂકંપની વધુ ઘટનાઓ બને છે. ચીનનો લેન્ડમાસ એશિયન અને ભારતીય પ્લેટોની અથડામણ વચ્ચે સ્થિત છે. આ ટેકટોનિક સીમા પર સતત દબાણ અને હિલચાલને કારણે ચીનમાં ભૂકંપ સામાન્ય છે. હિમાલયની પર્વતમાળા પણ આ અથડામણનું પરિણામ છે. આ ઉપરાંત, ચીનના ઘણા વિસ્તારો ધરતીકંપની દ્રષ્ટિએ સક્રિય છે, જેમાં પશ્ચિમ અને દક્ષિણ ભાગો ખાસ કરીને ભૂકંપની સંભાવના ધરાવે છે. આ ભૂકંપ ઉત્તર ચીનના હેબેઈ પ્રાંતના લેંગફેંગમાં સ્થિત યોંગકિંગ કાઉન્ટીમાં આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. ૧૨ મે, ૨૦૦૮ના રોજ સિચુઆન પ્રાંતમાં ૭.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેમાં લગભગ ૮૭,૦૦૦ લોકો માર્યા ગયા અને લાખો લોકો બેઘર થયા. આ ભૂકંપથી શાળાઓ, હોસ્પિટલો અને ઘરો સહિત ઘણી જગ્યાઓ પર ખરાબ અસર પડી છે. ભૂકંપ પછી રાહત અને બચાવ કામગીરીમાં વ્યાપક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકાર હતો. આ ધરતીકંપના કારણે ચીનમાં ભૂકંપ પ્રતિરોધક ઈમારતો અને માળખાના વિકાસ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું.




ગુજરાતની વિવિધ યોજનાઓ અને વિકાસયાત્રાને પરંપરાગત માધ્યમ થકી સમાજના દરેક વર્ગ સમક્ષ ઉજાગર કરતો માહિતી અને પ્રસારણ વિભાગ.

### નજીકમાં પોલીસનું પીસીઆર વાહન પાર્ક હતું

# અમદાવાદમાં રાત્રે બે યુવકો પર અજાણ્યા હુમલાખોરોએ હુમલો કર્યો

## પોલીસકર્મીઓ ખાટલા પર સૂતા રહી ગયા અને થોડે દૂર હત્યા થઈ ગઈ

**(SSS)** અમદાવાદ

અમદાવાદમાંએક યુવકની હત્યા કરવામાં આવી છે. જ્યારે પોલીસ કંટ્રોલ રૂમ વાહન થોડા અંતરે પાર્ક કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીસીઆરમાં હાજર અધિકારીઓ ખાટલા પર આરામથી સૂતા હતા. સૂતેલા પોલીસ અધિકારીઓનો વીડિયો વાયરલ થયા બાદ તેમની સામે તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં સોમવારે રાત્રે બે યુવકો પર અજાણ્યા હુમલાખોરોએ હુમલો કર્યો હતો, જેમાંથી એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. સ્થળ પર એકઠા થયેલા સ્થાનિક લોકોએ જોયું કે નજીકમાં પોલીસનું પીસીઆર વાહન પાર્ક હતું, જેમાં અધિકારીઓ ખાટલા પર સૂતા હતા, તેઓને યુવકની હત્યાની જાણ નહોતી. ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ પોલીસ કર્મચારીઓને જગાડ્યા, તેમનો મુકાબલો કર્યો અને એક વીડિયો રેકોર્ડ કર્યો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ટ્વિટર પરના એક વીડિયો પર પ્રતિક્રિયા આપતાં અમદાવાદ પોલીસે જણાવ્યું હતું કે, "આ મામલે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી ચાલી રહી છે." અધિકારીઓએ જણાવ્યું કે પીસીઆર ડ્યુટી પર તૈનાત પોલીસકર્મીઓ સતર્ક રહે, પેટ્રોલિંગ કરે, કટોકટીમાં પ્રતિક્રિયા આપે અને જાહેર સલામતી જાળવે. નરોડાના રહેવાસીઓ વિજય ઉર્ફે વિશાલ શ્રીમાળી અને પ્રિયેશ નામના બે યુવકોએ છ લોકોના જૂથ દ્વારા કરવામાં આવેલા દુર્વ્યવહારનો વિરોધ કર્યો ત્યારે આ હત્યા થઈ હતી. આ બાબતે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી અને એક આરોપી જેસીંગ સોલંકીએ વિજયને છાતીમાં ઘા માર્યો હતો. તેને બચાવવા જતાં પ્રિયેશ ગંભીર રીતે ઘાયલ થયો હતો. વિજયનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને પ્રિયેશને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. છરાબાજીમાં સામેલ બે લોકો સહિત અત્યાર સુધીમાં કુલ છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### અમદાવાદની સેશન્સ કોર્ટે દંડ ફટકાર્યો

# અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ પર દંડ ફટકારાયો

**(SSS)** અમદાવાદ

અમદાવાદની સેશન કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આપ નેતા સંજય સિંહ વિરુદ્ધ મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે બંને નેતાઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ પીએમ મોદીની ડિગ્રી પર માનહાનિના કેસમાં ૧૦-૧૦ હજારના દંડની સજા સંભળાવી છે. તેની સાથે જ સેશન કોર્ટે રિવ્યૂ પિટીશન પણ સુનાવણી માટે સ્વીકાર કરી લીધો છે. આ અગાઉ મેટ્રો કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી. તો વળઈ ટાઈમ લિમિટ પતી જતાં બંને નેતાઓના વકીલ દ્વારા તાજેતરના દિવસોમાં સેશન કોર્ટમાં પહોંચીને અરજી દાખલ કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલી પીએમ મોદીની ડિગ્રી પર સવાલો ઉઠાવ્યા હતા. તેના પર વાંધો દર્શાવતા ૨૦૨૩માં ગુજરાત યુનિવર્સિટી તરફથી અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ વિરુદ્ધ અમદાવાદ મેટ્રો કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. તેમાં યુનવર્સિટીએ બંને નેતાઓ પર આરોપ લગાવ્યો હતો કે પીએમ મોદીની ડિગ્રી પર સવાલ ઉઠાવીને તેમણે યુનિવર્સિટીને બદનામ કરી છે. મેટ્રો કોર્ટમાં સુનાવણી બાદ બંને નેતાઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં અરવિંદ કેજરીવાલે તેના વિરુદ્ધ મેટ્રો કોર્ટમાં અરજી દાખલ કરી પોતાની અને સંજય સિંહ માટે અલગ અલગ સુનાવણીની માગ કરી હતી. જો કે મેટ્રો કોર્ટે તેમની આ અરજી ફગાવી દીધી હતી. ત્યાર બાદ તેમણે અમદાવાદ સેશન કોર્ટમાં ૩૦૮ દિવસ બાદ રિવ્યૂ પિટીશન દાખલ કરી હતી અને મોડું કરવા બદલ માફી માગી હતી. તો વળી સંજય સિંહે ૩૪૬ દિવસ બાદ રિવ્યૂ પિટીશન દાખલ કરી હતી. તેમણે પોતાની દલીલ આપતા જણાવ્યું હતું કે તેઓ થોડા સમય માટે જેલમાં હતા. એટલા માટે અરજી કરવામાં મોડું થઈ ગયું. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ અમદાવાદ સેશન કોર્ટે અરજી સુનાવણી માટે સ્વીકાર કરી લીધો. કોર્ટે ન્યાય હિતમાં મોડેથી અરજીનો સમય માફ કરતા કેજરીવાલ અને સંજય સિંહ પર ૧૦-૧૦હજાર રુપિયાનો દંડ લગાવ્યો, જે યુનિવર્સિટીને આપવામાં આવશે.

### બોગસ પેઢીઓના નામે

# બેંક ખાતા ભાડે રાખી સાયબર ફ્રોડ કરતી ગેંગના સાગરીતો પકડાયા

**(SSS)** અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી અલગ અલગ મોડસઓપ્રેન્ડીથી સાયબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે. ગઠિયાઓ ફ્રોડના નાણાં મેળવવા માટે જે બેંક ખાતાની વિગતો આપે છે તે ખોટા ખાતા ખોલાવનાર ગેંગના શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓ બોગસ પેઢી અને લોકોના નામે બોગસ બેંક ખાતા ખોલાવીને તે ભાડે મેફ્વીને સાયબર ફ્રોડના નાણાં મેળવતા હતા. એટલું જ નહિ, આરોપીઓ પાસેથી જથ્થાબંધ પાસબૂક, ચેકબૂક, બેંક કિટ, પ્રિ એક્ટિવ સીમકાર્ડ પણ મળ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ અત્યાર સુધીમાં રૂ.૫૦ કરોડ વિવિધ ખાતાઓ થકી ખંખેર્યા હોવાનું તારણ છે. સાથે જ આ ગેંગમાં દુબઈ કનેક્શન પણ સામે આવતા તે બાબતે તપાસ તેજ કરાઈ છે. શહેરના એલિસ બ્રિજ પોલીસ સ્ટેશનમાં એક જાણવાજોગ બાબતે તપાસ ચાલી રહી હતી. જેની તપાસમાં બાતમી આધારે વીએસ હોસ્પિટલ પાસેથી ચિરાગ કડિયા(રહે. મનોરમા સોસા., ઈસનપુર) નામના એક શંકાસ્પદ શખ્સને ઝડપી લેવાયો છે. પોલીસે ચિરાગની તપાસ કરતા તેની પાસેથી અનેક લોકોના ડોક્યુમેન્ટ , ડેબિટ કાર્ડ, જથ્થાબંધ ચેકબૂક અને જથ્થાબંધ પ્રિ એક્ટિવ સીમકાર્ડ તથા સ્ટેમ્પ મળી આવતા આરોપી સાયબર ળોડને લગતી શંકાસ્પદ કામગીરી કરતો હોવાની પોલીસની શંકા પાક્કી બની હતી. જેથી પોલીસે ચિરાગની વધુ પૂછપરછ કરતા તેના ઘરમાં પણ ચેકબૂકો હોવાથી પોલીસે સર્ચ કરીને અનેક ચેબૂક, પાસબૂક અને પ્રિએક્ટિવ સીમકાર્ડનો જથ્થો કબ્જે કર્યો હતો. બાદમાં પોલીસે પાસબૂક પરથી તપાસ કરીને બેંક એકાઉન્ટની માહિતીઓ મેળવી હતી. જેની તપાસમાં આ બેંક એકાઉન્ટોનો ઉપયોગ રાજ્યમાં દાખલ થયેલી સાયબર ળોડની અરજીઓમાં ઉપયોગ થયાનું સામે આવ્યું હતું. પૂછપરછમાં ચિરાગે કબૂલાત કરી હતી કે, તે સ્નેહલ સોલંકીના કહેવાથી બેંક એકાઉન્ટ ખોલાવતો હતો. આરોપી ચિરાગ જેના નામે ખાતુ ખોલાવવાનું હોય તેના નામે ઓફિસ ભાડેથી લઈને સાડી તથા અનાજનો વેપાર કરતા હોવાની ખોટી ઓળખ આપતો હતો. જે અલગ અલગ એન્ટરપ્રાઈઝના નામના બોગસ એકાઉન્ટ ખોલાવતો હતો. ખાતા ખોલાવતી વખતે મોબાઈલ નંબર આપવાનો હોવાથી તે મુકેશ દૈયા પાસેથી પ્રિ એક્ટિવ સીમકાર્ડ લેતો હતો.

### હોટલ-રેસ્ટોરન્ટમાં કરાતું હતું સપ્લાય

# વસ્ત્રાલ અને ઠક્કરનગરમાં નકલી પનીરનો જથ્થો જપ્ત

**(SSS)** અમદાવાદ

રાજયમાં નકલી ખાદ્ય ચીજ-વસ્તુ ઝડપાયાની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના વસ્ત્રાલ અને ઠક્કરનગરમાં નકલી પનીર ઝડપાયું છે.

AMCના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરીને નકલી પનીરનો જથ્થો જપ્ત કર્યો હતો. નકલી પનીરનો જથ્થો અલગ-અલગ હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં સપ્લાય કરવામાં આવતું હતું. અમદાવાદમાં નકલી ચીજ વસ્તુનું વેચાણ કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરાતી હોવાની ઘટના સામે આવી છે. શહેરના વસ્ત્રાલ અને ઠક્કરનગર વિસ્તારમાં નકલી પનીરનો જથ્થો ફૂડ વિભાગની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. જેમાં વસ્ત્રાલના એક ગોડાઉનમાંથી ૧૧૯ કિલોગ્રામ અને ઠક્કરનગરમાં આવેલી સતનામ ડેરીમાંથી ૧૪૪ નકલી પનીરનો જથ્થો ઝડપાયો છે. મળતી માહિતી મુજબ, શહેરની અલગ-અલગ હોટલો અને રેસ્ટોરન્ટમાં નકલી પનીર સપ્લાય કરવામાં આવતું હતું. AMCના ફૂડ વિભાગ દ્વારા વસ્ત્રાલ અને ઠક્કરનગરમાંથી ઝડપાયેલા નકલી જથ્થાની સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.

### એરપોર્ટ પર ફરી સોનાની દાણચોરી ઝડપાઈ

# મહિલાએ લેગિંગ્સમાં છૂપાવ્યું હતું ૩૪.૭૩ લાખનું સોનું

## અબુધાબીથી જીન્સમાં છૂપાવીને લવાયેલું ૨.૭૬ કરોડનું સોનું અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઝડપાયું

**(SSS)** અમદાવાદ,

ભારતમાં સોનાનો ભાવ ભડકે બળી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં સોનાની દાણચોરીના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ પર વિદેશથી સોનાની દાણચોરીના બે દિવસમાં બે કિસ્સા બન્યા છે. સોમવારે અબુધાબીથી જીન્સમાં છૂપાવીને લવાયેલું ૨.૭૬ કરોડનું સોનું અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઝડપાયું હતું. ત્યારે ૨૫ માર્ચના રોજ એક મહિલાના લેગિંગ્સમાં છૂપાવીને લાવવામાં આવેલું ૩૪.૭૩ લાખની કિંમતનું ૩૮૩ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. સોનાની કિંમતમાં વધારો થતાં દાણચોરીનું સોનું રોજબરોજ પકડાઈ રહ્યું છે. રાજકોટની મહિલા દુબઈથી ૩૪.૭૩ લાખનું સોનુ લેગીન્સમાં બે પડ વચ્ચે સંતાડીને દાણચોરી કરતા અમદાવાદ એરપોર્ટ પર ઝડપાઈ હતી. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ વિભાગને મળેલી માહિતીના આધારે આ મહિલાને ઝડપીને તેની લેગીન્સમાંથી ગોલ્ડ સ્પ્રે ૩૮૨.૧૭૦ ગ્રામ સોનું જપ્ત કર્યુ હતું. આ સોનું કોના માટે લાવ્યા હતા વગેરે બાબતે ઝીણવટીભરી પૂછતાછ કરીને તપાસ હાથ ધરી છે. આ સોનાને મહિલા મુસાફરે પહેરેલી લેગિંગ્સના બે સ્તર (પડ) વચ્ચે સંતાડ્યું હતું. આ જપ્ત થયેલા સોનાની બજાર કિંમત રૂ. ૩૪,૭૩,૯૨૫ છે. ગુજરાતમાં સોનાની દાણચોરીના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે.

